જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૭/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૬**

પાલડીઃ કરણભાઇ હેતલભાઇ શાહ (ઉ.વ.૨૮)(રહે.ગૌતમબાગ સોસાયટી, સુવિધા શોપીંગ સેન્ટર સામે, પાલડી) એ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૬ રાતના ૯/૦૦ થી તા.૧૩/૦૭/૨૦૨૬ ના કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં સાથે રહેતા અને ઘરઘાટી તરીકે કામ કરતા આરોપી કમલેશ મીણા (મુળ વતન: અમલવા સલુમ્બર, ઉદેયપુર રાજસ્થાન) એ કરણભાઇના ઘરના બેડરૂમમા આવેલ બંને કબાટોની ચાવી કોઇ રીતે મેળવી લઇ, કબાટ ખોલી, કબાટમાંથી અલગ–અલગ સોનાના દાગીના કિંમત રૂપિયા ૪૮,૧૬,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧,૪૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૯,૬૨,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૬**

નારોલઃ નારોલ રંગોલીનગર, ઉમંગ–૭ ખાતે રહેતા અજયબાબુ પટેલ નાઓની ૧૭ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘેર પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

નિકોલઃ જી.અમદાવાદ તા.દસ્ક્રોઈ સીંગરવા ગામ હનુમાનગલી વડવાળી ચાલી ખાતે રહેતા પ્રકાશભાઈ મરાઠી નાઓની ૧૬ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘેર પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી